# સ્થાનિક વળતર ભથ્થુ (સી.એલ.એ.) (નિયમ-12-13)

- સ્થાનિક વળતર ભથ્થાની ગણતરી માટે શહેરોનું વર્ગીકરણ
-

| વર્ગ | શહેરો |
|---|---|
| એ-1 | દિલ્હી, મુંબઇ, કોલકતા, અને ચેનૈઇ |
| એ | અમદાવાદ |
| બી-1 | વડોદરા, સુરત |
| બી-2 | ભાવનગર, જામનગર, રાજકોટ |

- **નોધ-1** ગ્રામ્ય સમૂહ – જુદા જુદા શહેરોમાં સમાવિષ્ટ કરાયેલા પરાના વિભાગો માટે આ નિયમોના જોડાણ -1 માં યાદી આપેલ છે

**નોધ-2** **રાજ્ય સરકારના જે કર્મચારીઓનું** મુખ્ય મથક ગુજરાત રાજ્ય બહાર આવેલુ હોય તેઓ માટે તે સ્થળે કેન્દ્ર સરકારે તે સ્થળના નિયત વર્ગીકરણ કર્યા મુજબ રહેશે

**નોધ-3** સ્થાનિક વળતર ભથ્થાની મંજૂરીના હેતુ માટે ગાંધીનગરને **"અ"** વર્ગમાં ગણવામાં આવશે

વર્ગીકૃત શહેરો સિવાયના સ્થળોએ સ્થાનિક વળતર ભથ્થું મળવાપાત્ર નથી. (નિયમ-૧૩)

- સ્થાનિક વળતર ભથ્થાના દર નીચે મુજબ છે

| ક્રમ | પગાર ધોરણ | સ્થાનિક વળતર ભથ્થાની માસિક રકમ્ | | | |
|---|---|---|---|---|---|
| | | એ | એ1 | બી1 | બી2 |
| 1 | 3000 સુધી | 90 | 65 | 45 | 25 |
| 2 | 3000 થી 4499 | 125 | 95 | 65 | 35 |
| 3 | 4500 થી 5999 | 200 | 150 | 100 | 65 |
| 4 | 6000 અને તેથી વધુ | 300 | 240 | 180 | 120 |

| પે બેંડ (1-4-2009 થી) | ગ્રેડ-પે | એ1 | એ,બી1,બી2 |
|---|---|---|---|
| 5200-20200 અને તેથી વધુ | 2400 થી વધુ | 300 | 240 |
| 5200-20200 | 1800 થી વધુ અને 2400 થી ઓછો | 200 | 150 |
| 5200-20200 | 1800 થી ઓછો | 125 | 95 |

- **નોધ-1** પગારમાં મૂળ પગાર,એન.પી.એ, અને સ્થગિત ઇજાફાનો સમાવેશ થાય છે.

  **નોધ-2** સરકારી કર્મચારીને તેના મુખ્યમથક સિવાયના અન્ય સ્થળે રહેવાની સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપી હોય તો તેના રહેઠાણના સ્થળ અને તેનું મુખ્ય મથક બે માંથી જે સ્થળે વળતર ભથ્થુ ઓછુ હશે તે દરે આકારવાને હકદાર રહેશે
- <u>ના. વિ. ઠ. તા. ૧૦-૭-૨૦૦૯</u>

  ઉપરોક્ત દર અમલમાં આવ્યા છતાં કર્મચારીઓને જૂના પગાર ધોરણમાં જે સ્થાનિક વળતર ભથ્થું (સી.એલ.એ.) મળવાપાત્ર થતું હતું તેના કરતાં ઓછું સ્થાનિક વળતર ભથ્થું (સી.એલ.એ.) ચૂકવવાનું નથી

# ઘરભાડા ભથ્થુ
# (નિયમ 14 થી 24 )

## ઘરભાડા ભથ્થુ મંજૂર કરવા માટે શહેરોનું વર્ગીકરણ

(નિયમ-14) અને 27-2-2009 નો ઠરાવ

| વર્ગ | શહેરો |
|---|---|
| એ1 | દિલ્હી, મુંબઇ, કોલકતા, અને ચેન્નૈઇ |
| એ | અમદાવાદ, |
| બી1 | વડોદરા, સુરત |
| બી2 | ભાવનગર, રાજકોટ ,જામનગર |
| સી | અમરેલી,આણંદ,અંજાર,અંકલેશ્વર,ભૂજ,ભરૂચ,બોટાદ,ડભોઇ,દાહોદ,ડીસા,ધોરાજી,ધ્રાંગધ્રા,ગાંધીધામ,ગોધરા,ગોંડલ,હિમતનગર,જામનગર,જેતપુર,જૂનાગઢ,કલોલ,કેશોદ,ખંભાત,ખેડા,મહુવા,મહેસાણા,મોરબી,નડિયાદ,નવસારી,પાલનપુર,પાટણ(મહેસાણા),પાટણ (જૂનાગઢ), પેટલાદ,પોરબંદર,સાવકુંડલા,સિધ્ધપુર,સુરેન્દ્રનગર,ઉંઝા,ઉપલેટા, વલસાડ,વેરાવળ,વિરમગામ,વિસનગર,વઢવાણ |

**નોધ-1** રાજ્ય સરકારના જે કર્મચારીઓનું મુખ્ય મથક ગુજરાત રાજ્ય બહાર આવેલુ હોય તેઓ માટે તે સ્થળે કેન્દ્ર સરકારે તે સ્થળના નિયત વર્ગીકરણ કર્યા મુજબ રહેશે

**નોધ-3** ઘરભાડા ભથ્થાની મંજૂરીના હેતુ માટે ગાંધીનગરને "**એ**" વર્ગમાં ગણવામાં આવશે

- ઘરભાડા ભથ્થાના દર (નિયમ-15)

| વર્ગ | 1-8-1997 થી | 1-4-2009 થી |
|---|---|---|
| એ1 | મૂળ પગારના 30 ટકા | મૂળ પગારના 30 ટકા |
| એ | મૂળ પગારના 15 ટકા | મૂળ પગારના 20 ટકા |
| બી1 | મૂળ પગારના 15 ટકા | મૂળ પગારના 20 ટકા |
| બી2 | મૂળ પગારના 10 ટકા | મૂળ પગારના 20 ટકા |
| સી | મૂળ પગારના 7.5 ટકા | મૂળ પગારના 10 ટકા |
| બિનવર્ગીકૃત | મૂળ પગારના 5 ટકા | મૂળ પગારના 10 ટકા |

- **નોધ-1** પગારમાં મૂળ પગાર,પગારના રક્ષણમાટે આપેલ અંગત પગાર્ અને સ્થગિત ઇજાફાનો સમાવેશ થાય છે.

**નોધ-2** સરકારી કર્મચારીને તેના મુખ્યમથક સિવાયના અન્ય સ્થળે રહેવાની સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપી હોય તો તેના રહેઠાણના સ્થળ અને તેનું મુખ્ય મથક બે માંથી જ સ્થળે ઘરભાડા ભથ્થુ ઓછુ હશે તે દરે આકારવાને રહેશે

નિયમ-15-

કોઈપણ શહેર, નગર કે ગામડા માટે નિયત દર કરતાં વધુ ઘરભાડા ભથ્થાના દર મંજૂર કરવાના સરકારને અધિકાર છે.

# ઘરભાડા ભથ્થુ આકારવાની શરતો (નિયમ-16)

## નીચે દર્શાવેલ કર્મચારીઓને ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી નિયમ-16-ક)

(૧)જેને ભાડામુક્ત મકાન ફાળવવામાં આવ્યું હોય તેવા અન્ય કર્મચારી સાથે રહેતા હોય; અથવા

(૨)કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે સ્વાયત્ત જાહેર સંસ્થા કે સ્થાનિક મંડળ, રાષ્ટ્રીયકૃત બેન્ક, ભારતીય જીવન વીમા નિગમ વગેરે દ્વારા કર્મચારીના માતા-પિતા, દિકરા કે દિકરીને ફાળવેલ રહેણાંકમાં તેમની સાથે રહેતા હોય; અથવા

(3 )કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સ્વાયત્ત જાહેર સંસ્થા કે સ્થાનિક મંડળ દ્વારા તેના જીવન સાથીને રહેણાંક ફાળવવામાં આવ્યું હોય કે પછી તેમાં તે/તેણી રહેતાં હોય કે પછી તે/તેણીએ ભાડે લીધેલ રહેણાંકમાં અલગ અલગ રહેતા હોય.

- નિયમ-16(ખ) –
- અન્ય કર્મચારીઓને ફાળવવામાં આવેલ આગળના નિયમ-16(ક)(1) માં દર્શાવ્યા સિવાયના રહેણાંકમાં અથવા અન્ય કર્મચારીઓના ખાનગી રહેણાંકમાં રહેતા હોય અને તેઓ ભાડુ અથવા તેનો ઘરભાડાનો હિસ્સો આપતા હોય અથવા ઘરવેરો કે મિલ્કત વેરો ભરતા હોય; પછી ભલે ગમે તેટલી રકમ કે હિસ્સો આપતાં હોય, તેવા કર્મચારીને નિયત કરવામાં આવેલા દરે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર રહેશે
- નોધ-
- કર્મચારીને રહેણાંકનું મકાન ફાળવવામાં આવેલ હોય અને તેમાં પતિ-પત્ની સિવાયના બે કે તેથી વધુ અન્ય કર્મચારીઓ રહેતા હોય તો તેવા અન્ય કર્મચારીઓ પૈકી તેમની પસંદગી મુજબના એકને જ ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે
- આ નોધના હેતુ માટે અન્ય કર્મચારીમાં રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર જાહેર સ્વાયત્ત સંસ્થા, સ્થાનિક મંડળો વગેરેના કર્મચારીનો સમાવેશ થશે.

## પતિ-પત્ની બંને જ્યારે પોતાના માલિકીના કે ભાડાના મકાનમાં રહેતા હોય : નિયમ-17

- પતિ-પત્ની બંને જ્યારે કર્મચારી હોય અને તેઓ કર્મચારી હોવાથી અને પોતાના કે ભાડાના એક જ મકાનમાં સાથે સાથે રહેતા હોવાના કારણે તેમને મળવાપાત્ર ઘરભાડા ભથ્થા પર કોઈ નિયંત્રણ નથી. આવા કિસ્સાઓમાં ઘરભાડા ભથ્થાની આકારણી માટેની અન્ય શરતોને અધીન રહી, તેમને મળવાપાત્ર ઘરભાડાની સામાન્યતઃ મળતી રકમ મંજૂર કરવામાં આવે છે.
- **નિયમ-18 રજા દરમ્યાન સરકારી રહેણાંકની ફાળવણી - મળવાપાત્ર ઘરભાડા ભથ્થું :**
- (1)રજાના સમયગાળા દરમ્યાન કર્મચારીને સરકારી રહેણાંક ફાળવવામાં આવે ત્યારે તેવી ફાળવણીની આગળની તારીખ સુધીનું ઘરભાડું; કર્મચારીને રજા ઉપર ઉતરતાં પહેલાં મળતા ઘરભાડા ભથ્થાના દરે અથવા તો તેમને સરકારી રહેણાંક ફાળવવામાં આવેલ ન હોત તો અને રજા ઉપરથી પાછા ફરતા તેમને જે દરે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થાત તે દરે; બે પૈકી જે દર ઓછો હશે તે ઓછા દરે તે મળવાપાત્ર છે.

- (2) કર્મચારીને ફાળવવામાં આવેલ રહેણાંક જો તે રજાના સમયગાળા દરમ્યાન બપોર પહેલાં  સુપ્રત કરે તો તે દિવસથી અને બપોર પછી સુપ્રત કરે તો ત્યારપછીના દિવસથી ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે. આ ઘરભાડાનો દર કર્મચારી રજા ઉપર જતા પહેલાંના સરકારી રહેણાંકમાં ન રહેતા હોય અને જે દરે તેમને ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થતું તે દરે અથવા રજા પરથી ફરજ પર પરત આવતાં જે દરે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થતું તે દરે; બેમાંથી જે ઓછો હોય તે દરે તેમને મળવાપાત્ર છે.

## પોતાનીમાલિકીનું મકાન ધરાવતા કર્મચારીઓને ઘરભાડાની પાત્રતા : નિયમ-19

(1) કર્મચારી પોતાની, પોતાની પત્નીની, સંતતિની, પિતાની કે માતાની માલિકીના રહેણાંકમાં રહેતા હશે તેઓ પણ આ નિયમો અન્વયે ઘરભાડા ભથ્થુ મેળવવા હકદાર બનશે. આ માટે ભાડાના ખાનગી મકાનમાં રહેતા કર્મચારીઓને જે શરતો લાગુ પડે છે તે શરતો પૂર્ણ કરવાને અધીન રહી દરેક કિસ્સામાં ઘરભાડા ભથ્થું મંજૂર કરવામાં આવે છે.

(2)કર્મચારીની ફરજની જગાએ પોતાનું મકાન હોવા છતાં તે ભાડાના મકાનમાં રહેતા હોય તેવા કિસ્સામાં અન્યથા મળવાપાત્ર હોય તો, ભાડે રાખેલ મકાનની બાબતમાં ઘરભાડા ભથ્થું મળી શકશે.

# ભાડામુક્ત સરકારી રહેણાંક મળવાપાત્ર કર્મચારીઓને ઘરભાડા ભથ્થાની પાત્રતા : નિયમ-20

- જે કર્મચારીઓને સેવાની શરતો અન્વયે ભાડામુક્ત રહેણાંકના બદલામાં ઘરભાડા ભથ્થાની મંજૂરી આપવામાં આવતી હોય તેવા કર્મચારીઓને ઘરભાડા ભથ્થા સંબંધિત નિયમો લાગુ પડતા નથી
- નિયમ-21-
- <u>સરકીટ હાઉસ/ગેસ્ટહાઉસ/રેસ્ટ હાઉસ/પથિકાશ્રમમાં રહેતાં કર્મચારીને ઘરભાડા ભથ્થું :</u>

- કર્મચારીની નિમણૂકના મુખ્ય મથકમાં આવેલા સરકારની કે સ્થાનિક મંડળની માલિકીના કે તેમના દ્વારા સંચાલિત સરકીટ હાઉસ/ગેસ્ટ હાઉસ/રેસ્ટ હાઉસ/પથિકાશ્રમમાં રહેતા હોય તેવા કર્મચારીને તેવા રહેઠાણના સમય માટે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.
-

# બદલી થયેલ કર્મચારીને ઘરભાડા ભથ્થા -નિયમ-22

- સરકારી રહેણાક ફાળવવામાં આવેલ ન હોય તેવા કર્મચારીની બદલી થતાં નવા સ્થળે ભાડાનું મકાન ન રાખવાને કારણે અથવા તેને સરકારી રહેણાંક ન ફાળવવાને કારણે જૂના સ્થળે તેના કુટુંબનો રહેવાસ ચાલુ રાખેલ હોય તેવા કર્મચારી નવા સ્થળે ચાર્જ લીધા તારીખથી છ માસ સુધી અથવા તે નવા સ્થળે ભાડાનું રહેણાક મેળવી લે તે તારીખ સુધી અથવા રહેણાક તેને ફાળવવામાં આવે તે તારીખ સુધી; આ પૈકી જે તારીખ વહેલી હોય ત્યાં સુધીના સમયગાળા માટે ઘરભાડા ભથ્થુ મેળવવા તે પાત્ર બનશે.
- આવા કિસ્સાઓમાં ઘરભાડા ભથ્થાનુ નિયમન નીચે મુજબ થશે :-

| નવા સ્થળે હવાલો સંભાળી લીધાતારીખથી પ્રથમ બે માસ માટે | જૂના સ્થળે જે દરે આ ભથ્થુ આકારતા હોય તે દરે. |
|---|---|
| ત્યારપછી ચાર માસ માટે | જો તેણે નવા સ્થળે ભાડે મકાન લીધું હોતઅને જે દરે તેને ઘરભાડું મેળવવાપાત્ર થાત તે દરે, અથવા જૂના સ્થળે તે ઘરભાડા ભથ્થુ આકારતા હતા તે દરે -આ બે પૈકી જે દર ઓછો હોય તે દરે. |



- જે તારીખથી તેને નવા સ્થળે સરકારી રહેણાક ફાળવવામાં આવે તે તારીખ પછી આગળના ફકરામાં દર્શાવેલ

## બદલી થયા બાદ સરકારી રહેણાકનો કબજો ધરાવતા કર્મચારીને ઘરભાડા ભથ્થું  નિયમ-23

- બદલી થઈ ગયા પછી જૂના સ્થળે સરકારી રહેણાંક ધરાવવાનું ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય તેવા કર્મચારીને તેમની બદલીની તારીખ પછી આઠ માસનો સમયગાળો પૂરો થયા પછી ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.
- **નિયમ-24-**
- <u>પોતે ભાડુ નહિ ભરતી મહિલા કર્મચારીઓને ઘરભાડા ભથ્થું</u>

પરણિત મહિલા કર્મચારી તેણીના પતિ સાથે રહેતી હોય તેવા કિસ્સામાં અને અપરણિત મહિલા કર્મચારી; સરકારી કર્મચારી ન હોય તેવા તેણીના પિતા અગર પરિવારના સભ્ય સાથે રહેતી હોય તેવા કિસ્સામાં તેણીના પતિએ કે યથાપ્રસંગ તેણીના પિતા કે પરિવારના સભ્યે ભરેલ ભાડુ તેણીએ ભરેલુ ભાડુ ગણાશે અને આવા કર્મચારી આ નિયમો અન્વયે અન્યથા પાત્ર હોય તો ઘરભાડા ભથ્થાને પાત્ર થશે.

# રજા દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થું અને/અથવા ઘરભાડા ભથ્થું નિયમ-25

- (1)કર્મચારી રજા ઉપર જતા પહેલાં જે દરે તે ઘરભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું મેળવતા હોય તે દરે તે ભથ્થાં રજા દરમ્યાન પણ મેળવવાને હકદાર રહેશે. આ હેતુ માટે રજા એટલે જો કોઈપણ પ્રકારની ૧૮૦ દિવસથી વધુ નહિ તેટલી કુલ રજા હશે અને કુલ રજા તેથી વધુ હશે તો પ્રથમ ૧૮૦ દિવસ સુધીની રજા. વેકેશનને કે જાહેર રજાઓને રજા સાથે જોડવામાં આવે તો વેકશન અને જાહેર રજા સાથેનો રજાનો આખો ગાળો આ હેતુ માટે ગણત્રીમાં લેવામાં આવશે
- (2) કોઈપણ પ્રકારની રજામાં અસાધારણ રજાનો પણ સમાવેશ થાય છે. તેથી આવી ૧૮૦ દિવસના રજાના સમયગાળામાં આવતી અસાધારણ રજાના સમયગાળા માટે ઘરભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું મળવાપાત્ર છે.
- (3) કર્મચારીને માંદગી સબબે અથવા અન્યથા મંજૂર કરવામાં આવેલ રજા ભોગવ્યા બાદ ફરજ પર હાજર ન થાય કે રાજીનામું આપે તેવા કિસ્સામાં સમગ્ર રજાના ગાળા માટે તે સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મેળવવાને પાત્ર રહેશે નહિ. નિમણૂક અધિકારીએ રાજીનામા વગેરેનો સ્વીકાર કરતા પહેલાં આવી આકારેલ ઘરભાડા ભથ્થાની અને વળતર ભથ્થાની સમગ્ર રકમ વસૂલ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ.

- (4)કર્મચારીને પ્રથમતઃ માંદગી સબબની ૧૮૦ દિવસથી વધુ નહિ તેટલી રજા મંજૂર કરવામાં આવી અને ત્યારબાદ તેઓને અશક્તતા સબબે સરકારી નોકરીમાંથી નિવળત્ત કરવામાં આવે તો તેવા કિસ્સાઓમાં તેમણે પૂર્વે આકારેલ સ્થાનિક વળતર ભથ્થા તથા ઘરભાડા ભથ્થાની રકમની વસૂલાત કરવાની આવશ્યક્તા નથી.

  (5)જે કર્મચારીઓને પ્રથમતઃ માંદગી સબબની અથવા અન્ય પ્રકારની રજા મંજૂર કરવામાં આવેલી હોય, પરંતુ રજાના સમય દરમ્યાન આવેલ અશક્તતા અગર થયેલા અવસાન સબબે તેઓ રજા પરથી નોકરી પર પાછા ન ફરે તેવા કિસ્સાઓમાં પણ રજાના સમયગાળા માટે ચૂકવવામાં આવેલ સ્થાનિક વળતર ભથ્થાની અને ઘરભાડા ભથ્થાની રકમની વસૂલાત કરવાની આવશ્યક્તા નથી.

- (6) ટી.બી., કેન્સર, લેપ્રસી કે મૂત્રપીંડના રોગો કે એવી અન્ય બિમારીઓથી પીડાતા કર્મચારીઓ આવી ૧૮૦ દિવસની મર્યાદામાં આવતી માંદગી સબબની રજા દરમ્યાન, સંબંધિત નિયમો હેઠળ નિશ્ચિત કરાયેલા નમૂનામાં તબીબી પ્રમાણપત્ર રજૂ કરે તો ઘરભાડા ભથ્થા તથા સ્થાનિક વળતર ભથ્થા મંજૂર કરવાના હેતુસર આવી રજાની મર્યાદા આઠ માસ સુધી વધારી શકાય.
- (7) આવા રોગોના કારણે આઠ માસથી વધુ સમયના રજાના કિસ્સાઓમાં આઠ માસથી વધુ સમયગાળા માટે ઘરભાડા કે સ્થાનિક વળતર ભથ્થા મજૂર કરવા બાબતે, સંબંધિત નિયમો મુજબનું નિર્ધારિત તબીબી પ્રમાણપત્ર જ્યારે આપવામાં આવે ત્યારે સંબંધિત રજાના ગાળાને ધ્યાનમાં લીધા સિવાય રજા મંજૂર કરનાર અધિકારીએ આઠ માસથી ઉપરની રજાના સમયગાળા માટે સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મંજૂર કરવાનો નિર્ણય લેવો જોઈએ.
- સ્પષ્ટીકરણ : બિમારી શબ્દમાં પ્રસૂતિનો સમાવેશ થાય છે.

# કામચલાઉ બદલી દરમ્યાન ઘરભાડા ભથ્થું/સ્થાનિક વળતર ભથ્થું (નિયમ-26)

(1)૧૨૦ દિવસથી વધુ નહિ તેવી કામચલાઉ બદલીના સમયગાળા માટે કર્મચારી બદલી થતા પહેલાં જે દરે સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મેળવતા હતા તે દરે આકારી શકાશે. આવા ભથ્થાના પરિમાણનો આધાર તેની બદલી થઈ ન હોત તો તેણે જ પગાર આકાર્યો હોત, તેના સંદર્ભે નક્કી કરવો જોઈએ.

(2) ૧૨૦ દિવસથી વધુ સમયગાળાની કામચલાઉ બદલીના સંજોગોમાં આવા ભથ્થાનું તેના નવા મુખ્ય મથકના સંદર્ભે નિયમન કરવામાં આવશે.

(3) પ્રથમતઃ ૧૨૦ દિવસથી વધુ નહિ એટલા સમયગાળા માટે શરૂઆતમાં કરવામાં આવેલી કામચલાઉ બદલીનો સમયગાળો ત્યારપછી વધારવામાં આવે ત્યારે ઘરભાડા/સ્થાનિક વળતર ભથ્થાં, વધારવામાં આવેલ સમયગાળાના હુકમ જારી કર્યાની તારીખથી અથવા ૧૨૦ દિવસ માટે, એ બેમાંથી જે વહેલી તારીખ હોય તે તારીખ સુધી; જૂના સ્થળે મળવાપાત્ર દરે ચૂકવવામાં આવશે.

## જોઈનીંગ ટાઈમ દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થું/ઘરભાડા ભથ્થું : નિયમ-27

- (1) જે સ્થળેથી કર્મચારીની બદલી થયેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે જોઈનીંગ ટાઈમ દરમ્યાન પણ ઘરભાડા ભથ્થું તથા સ્થાનિક વળતર ભથ્થું મળવાપાત્ર છે.
- (2) રજા સાથે આવો જોઈનીંગ ટાઈમ સંલગ્ન કરવામાં અને અન્યથા સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે આગળના રજા માટે ઉલ્લેખ કરવામાં આવેલા ૧૮૦ દિવસના સમયગાળામાં આ સંલગ્ન કરવામાં આવેલો જોઈનીંગ ટાઈમનો સમયગાળો ઉમેરવામાં આવશે.
- (3) હવાલો સુપ્રત કરવાના અને સ્વીકારવા માટે વ્યતીત થયેલ સમયગાળા માટે હવાલો સુપ્રત કરનાર અને સ્વીકારનાર અધિકારીઓ બંને, તે સ્થળે ફરજ પર હોત તે પ્રમાણે તે સ્થળે મળવાપાત્ર સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મેળવવાપાત્ર ગણાશે.

# ફરજમોકૂફી દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થું/ઘરભાડા ભથ્થું નિયમ-28

- (1) ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારી નિર્દેશ કરે તે માત્રામાં અને તે શરતોને અધીન રહી કર્મચારી તેની ફરજમોકૂફીની તારીખે જે પગાર મેળવતા હોય તેના સંદર્ભે વખતોવખત મળવાપાત્ર બનતા સ્થાનિક વળતર ભથ્થું / ઘરભાડા ભથ્થું મેળવવા પાત્ર થશે. પરંતુ સદર અધિકારીને ખાત્રી ન થાય કે જે ખર્ચને પહોંચી વળવા આવા ભથ્થા મંજૂર કરવામાં આવેલ હોય તે ખર્ચ કરવાનું કર્મચારીએ ચાલુ રાખેલ નથી તો તે કર્મચારી આવા ભથ્થા મેળવવાને પાત્ર રહેશે નહિ.
- (2)સક્ષમ અધિકારીના આદેશ મુજબ જાહેર હિતમાં ફરજમોકૂફી હેઠળના કર્મચારીનું મુખ્ય મથક બદલવામાં આવે ત્યારે તે કર્મચારી તે નવા સ્થળ સંબંધે આવું પ્રમાણપત્ર આપે ત્યારે જ તે નવા સ્થળે મળવાપાત્ર ભથ્થા મેળવવા હકદાર બનશે.
- (3) ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારી, ફરજમોકૂફી હેઠળના કર્મચારી પાસેથી કોઈ સરકારી લેણું બાકી હોય તો તે રકમ સામે મેળ બેસાડવા માટે સ્થાનિક વળતર ભથ્થા અને/અથવા ઘરભાડા ભથ્થાની રકમ સામે સરભર કરી શકશે.-

# તાલીમ દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થું/ઘરભાડા ભથ્થું નિયમ-29

- (1) ભારતમાં તાલીમ માટે મોકલવામાં આવેલ હંગામી કે કાયમી કર્મચારીની તાલીમનો સમયગાળો ફરજ તરીકે ગણવામાં આવે ત્યારે તાલીમના સમગ્ર સમયગાળા માટે; તેને તાલીમના સ્થળે મળવાપાત્ર દરે અથવા જે સ્થળેથી તેને તાલીમ માટે મોકલવામાં આવેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે સ્થાનિક વળતર ભથ્થા/ઘરભાડા ભથ્થાના દરે; આ બંને માંથી તેને જે ફાયદાકારક હોય તે દરે તે સ્થાનિક વળતર ભથ્થું/ઘરભાડા ભથ્થું મેળવવા હકદાર બનશે.
- (2) તાલીમ માટે મોકલવામાં આવેલ કર્મચારીને પ્રવાસમાં ગણી તેને મુસાફરી ભથ્થુ અને તાલીમના સ્થળનું દૈનિક ભથ્થુ આપવામાં આવે ત્યારે તેને જે સ્થળેથી તાલીમ માટે મોકલવામાં આવેલ હોય તે સ્થળે મળવાપાત્ર સ્થાનિક વળતર ભથ્થું/ઘરભાડા ભથ્થું મેળવવા તે હકદાર બનશે.
- (3) ભારત બહારની તાલીમના સમય માટે સ્થાનિક વળતર/ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.

## વિદેશમાં પ્રતિનિયુક્તિ દરમિયાન સ્થાનિક વળતર ભથ્થું/ઘરભાડા ભથ્થું નિયમ-30

- જે મથકેથી પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવ્યા હોય તે મથક પર મળવાપાત્ર દરે

- **નિયમ-31**
- <u>નિવળત્તિ બાદ પુનઃનિયુક્ત કરાયેલ પેન્શનરોની સ્થાનિક વળતર ભથ્થા/ઘરભાડા ભથ્થા માટે પાત્રતા :</u>

- પગાર વત્તા પેન્શનની રકમ પર આ ભથ્થાઓની ગણત્રી કરવી.

## કર્મચારીએ આપવાના પ્રમાણપત્રો
## નિયમ-32

- કર્મચારીએ તેનો પ્રથમવાર ઘરભાડા ભથ્થાની આકારણી સાથે ઉપાડ અને ચૂકવણી અધિકારીને નીચેના નમૂનામાં પ્રમાણપત્રો આપવાં :-
- (૧) હું પ્રમાણપત્ર આપું છું કે જે સમયગાળા માટે ઘરભાડા ભથ્થાની આકારણી કરેલ છે તે સમયગાળા માટે મેં નિયત પદ્ધતિ અનુસાર અરજી કરી છે પરંતુ મને સરકારી આવાસની ફાળવણી કરવામાં આવેલ નથી / સરકારી આવાસ માટે મને મકાનની ફાળવણીનો અસ્વીકાર કરવામાં આવ્યો નથી.
- (૨) હું પ્રમાણપત્ર આપું છું કે હું જે ભાડાના/મારી કે મારી પત્નીની / પતિની / દિકરાની / દિકરીની / પિતાની / માતાની / હિન્દુ અવિભાજ્ય કુટુંબની માલિકીના જે મકાનમાં રહું છું તેનો સહવારસ છું.
- (૩) હું પ્રમાણપત્ર આપું છું કે ભાડાની અદાકારીમાં હું હિસ્સો આપું છું / ભાડા પેટે ફાળો આપું છું.

અથવા

- હું પ્રમાણપત્ર આપું છું કે મારી માલિકીના / હિન્દુ અવિભક્ત કુટુંબની માલિકીના જે મકાનમાં હું સહભાગીદાર છું તેની ભાડા કિંમત નિર્ણિત થઈ શકે તેમ છે તથા એ પણ પ્રમાણપત્ર આપું છું કે આ મકાનના ઘરવેરો કે મિલકત વેરો અથવા તે મકાનની જાળવણી ખર્ચ હું આપું છું / તેમાં ફાળો આપું છું.

- હું પ્રમાણપત્ર આપું છું કે હું -
- (૧) મારા માતા-પિતાને / સંતાનોને રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર/જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળ દ્વારા ફાળવવામાં આવેલ આવાસનો કે,
- (૨)અન્ય કોઈ કર્મચારીને ફાળવવામાં આવેલ ભાડામુક્ત આવાસનો સહભાગી નથી.

- હું પ્રમાણપત્ર આપું છું કે મારા પતિ / પત્ની/બાળકો / મા-બાપ જે / જેઓ મારી સાથે નિવાસ કરે છે તે મકાન અન્ય કર્મચારીને કેન્દ્ર સરકારે / રાજ્ય સરકારે / જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળી દ્વારા તેને ફાળવવામાં આવેલ છે અને તે / તેઓ કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર / જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળ દ્વારા કોઈ ઘરભાડા ભથ્થું મેળવતા નથી.

- હું એ પણ પ્રમાણપત્ર આપું છું કે મારી પત્ની / મારા પતિને કેન્દ્ર / રાજ્ય સરકાર કે જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળ દ્વારા તે જ સ્થળે નિવાસ સ્થાન ફાળવવામાં આવેલ નથી.
- સહી...............................

તારીખ : હોદ્દો...............................

## ઉપાડ અને ચૂકવણી અધિકારીએ આપવાના પ્રમાણપત્રો : નિયમ-33

- (૧) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આ બીલમાં જે કર્મચારીઓ માટે સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુ આકારવામાં આવેલ છે તેની પાત્રતા બાબતે વખતોવખત સુધારેલા ગુજરાત સિવિલ સર્વિસીઝ (એડીશન્સ ટુ પે) નિયમો, ૨૦૦૨ ની જોગવાઈઓના સંદર્ભે ચકાસણી કરવામાં આવેલ છે.
- (૨) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આ બીલમાં જે કર્મચારીઓ માટે સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુ આકારવામાં આવેલ છે (તેઓએ અરજી કરેલી પરંતુ) તેઓને સરકારી આવાસ ફાળવવામાં આવેલ નથી.
- (૩) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જે કર્મચારીઓ માટે આ બીલમાં સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુ આકારવામાં આવેલ છે તેઓ પાસેથી સરકારે નિયત કરેલા પ્રમાણપત્રો મેળવવામાં આવેલ છે અને ભથ્થાની તે આકારણી નિયમો અને પ્રવર્તમાન આદેશો અનુસાર હોવાની મેં ખાત્રી કરેલ છે.

## રજા / તાલીમ / ફરજમોકૂફી ઈતરના સમયગાળા માટે આકારવામાં આવેલ સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા સંબંધે ઉપાડ અને ચૂકવણી અધિકારીએ આપવાના

પ્રમાણપત્રો : નિયમ-34

- (૧) સ્થાનિક વળતર ભથ્થાની આકારણી માટે :

  જે સમયગાળા માટે સ્થાનિક વળતર ભથ્થું આકારવામાં આવ્યું છે તે દરમ્યાન સંબંધિત કર્મચારીએ કે તેના પરિવાર કે બંનેએ તે કર્મચારીને જે સ્થળે ફરજમોકૂફી હેઠળ મૂકવામાં આવ્યા છે અગર જે સ્થળેથી રજા પર / વિદેશમાં પ્રતિનિયુક્તિ પર / ભારતમાં તાલીમ માટે ગયા છે તે જ મથકમાં (જુદા જુદા શહેરના પરા વિસ્તાર સહિતના) રહેવાનું ચાલુ રાખેલ છે.

- (૨) ઘરભાડા ભથ્થાની આકારણી માટે :

  જે સમયગાળા માટે ઘરભાડા ભથ્થું આકારવામાં આવ્યું છે તે દરમ્યાન સંબંધિત કર્મચારીને જે સ્થળે ફરજમોકૂફી હેઠળ મૂકવામાં આવ્યા છે અગર જે મથકેથી રજા પર/વિદેશમાં પ્રતિનિયુક્તિ પર/ભારતમાં તાલીમ માટે ગયા છે તે જ મથકમાં તેમનું મકાન ચાલુ રાખેલ છે.

# ડાંગ ભથ્થું મંજૂર કરવાની શરતો

## નિયમ-35-36

- જે કર્મચારીઓને ડાંગ જીલ્લામાં ફરજ માટે બોલાવાયેલ હોય અથવા તેમનું મુખ્ય મથક તે જીલ્લાની કોઈપણ સ્થળે આવેલ હોય તેમને ડાંગ ભથ્થું મળવાપાત્ર છે.
- તા. ૧૧-૨-૨૦૧૧ થી અમલમાં આવે તે રીતે ડાંગ ભથ્થાના દર તા. ૧-૧-૨૦૦૬ થી અમલમાં આવેલા નવા પગાર ધોરણના પગાર બેન્ડની સાથે સંલગ્ન ગ્રેડ પે ના આધારે નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા છે :-

| અનં. નં. | પગાર બેન્ડ સાથે સંલગ્ન ગ્રેડ પે | ડાંગ ભથ્થાના માસિક દર રૂ. |
|---|---|---|
| ૧. | રૂ. ૧૮૦૦ | ૨૧૦ |
| ૨. | રૂ. ૧૮૦૦ થી વધુ રૂ. ૨૮૦૦ સુધી | ૨૫૦ |
| ૩. | રૂ. ૨૮૦૦ થી વધુ રૂ. ૪૨૦૦ સુધી | ૨૮૦ |
| ૪. | રૂ. ૪૨૦૦ થી વધુ રૂ. ૫૪૦૦ સુધી | ૩૧૦ |
| ૫. | રૂ. ૫૪૦૦ થી વધુ | ૩૫૦ |

# નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું કોને મંજૂર થઈ શકે : નિયમ-37 થી 41

- સરકારી નોકરીમાં હોય તેવા તબીબી અધિકારીઓ કે જેઓને કોઈપણ પ્રકારની ખાનગી પ્રેક્ટીસ (જનરલ, કન્સલટીંગ કે ખાનગી લેબોરેટરી જેવી પ્રેક્ટીસ) કરવાની મનાઈ કરવામાં આવેલ હોય તેઓને તેવી ખાનગી પ્રેક્ટીસ ન કરવાથી થતા નુકસાનના વળતર તરીકે નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું મંજૂર કરવામાં આવે છે.
- ખાનગી નોન-પ્રેક્ટીસીંગ ભથ્થાના દર :
- નાણા વિભાગના તા. ૨૫-૬-૨૦૧૦ તથા તા. ૧૨-૪-૨૦૧૨ ના ઠરાવોથી એન.પી.પી.એ.ના દર નીચે પ્રમાણે નિયત કરવામાં આવ્યા છે :-
- (એ) તા. ૧-૧-૨૦૦૬ થી મૂળ પગારના 25 ટકા
- મૂળ પગાર તથા એન.પી.પી.એ. નો સરવાળો રૂ. ૭૫,૫૦૦ થી વધે નહિ તે શરતે(તા.11-4-2012 સુધી) (એ) તા. ૧૨-૪-૨૦૧૨ થી મૂળ પગારના 25 ટકા
- મૂળ પગાર તથા એન.પી.પી.એ. નો સરવાળો રૂ. ૮૫,૦૦૦ થી
- વધે નહિ તે શરતે
- 

- એન.પી.પી.એ., મોંઘવારી ભથ્થું, મુસાફરી ભથ્થું, અન્ય ભથ્થાં તેમજ નિવળત્તિના લાભો માટે પગાર તરીકે ગણાવાપાત્ર રહેશે.
- આ એન.પી.પી.એ. ના હુકમો રાજ્ય સરકારના એલોપથી, આયુર્વેદિક અને હોમીયોપેથિક ડૉક્ટરોને લાગુ પડશે.
- ગુજરાત પશુપાલન સેવા સંવર્ગના અધિકારીઓને પણ ઉપરોક્ત દરે એન.પી.પી.એ. મળવાપાત્ર છે. તા. ૩-૧૦-૨૦૧૨ નો ઠરાવ્
- રજા દરમ્યાન નોન-પ્રેક્ટીસીંગ મંજૂરી –
- ત્રણ માસ સુધીની વગર પગારની એક જ સમયની અસાધારણ રજા સહિતની રજા દરમ્યાન તે રજા દરમ્યાન જો ખાનગી પ્રેક્ટીસ કરવામાં ન આવે તો, નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું મળવાપાત્ર છે. રજા દરમ્યાન કોઈપણ પ્રકારની પ્રેક્ટીસ કરવામાં આવે તો તેની સમગ્ર આવક સરકારમાં જમા કરાવવાની રહે છે. રજા પગારની ખરેખર રકમ અગર રજાનો પગાર ધ્યાનમાં લીધા સિવાય રજા ઉપર જતાં પહેલાં કર્મચારીને જ દરે નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું મળતું હોય તે જ દરે ભથ્થું રજાના સમય માટે પણ મળશે.

# જોઈનીંગ ટાઈમ દરમ્યાન નોન-પ્રેક્ટીસીંગ ભથ્થાની પાત્રતા :

- જોઈનીંગ ટાઈમ દરમ્યાન કોઈ ખાનગી પ્રેક્ટીસ કરી ન હતી તે મતલબનું પ્રમાણપત્ર આપવામાં આવે તો બદલી થયા પહેલાંના જૂના હોદ્દા ઉપર બદલી થઈ ન હોત અને જે દરે મળવાપાત્ર થતું તે દરે અથવા નવા હોદ્દાનો હવાલો સંભાળ્યા બાદ જે દરે મળવાપાત્ર હોય, તે બંનેમાંથી જે દર ઓછો હોય તે દરથી જોઈનીંગ ટાઈમ દરમ્યાન પણ નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું મળવાપાત્ર છે.
- રજા વગેરે દરમ્યાન નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું આકારવા અંગેના પ્રમાણપત્રો :
- (૧) હું પ્રમાણપત્ર આપું છું કે -

  (એ) જ્યારે હું પ્રાપ્ત રજા/અડધા પગારી રજા/રૂપાંતરીત રજા/અસાધારણ રજા/બિન જમા રજા ઉપર, ત્યારે અથવા
- (બી) જોઈનીંગ ટાઈમ પર હતો, તે સમય દરમ્યાન મેં ખાનગી પ્રેક્ટીસ કરી ન હતી.

- (૨) પ્રમાણપત્ર આપું છું કે હું જ્યારે -
- (એ) પ્રાપ્ત રજા / અડધા પગારી રજા / રૂપાંતરીત રજા / અસાધારણ રજા / બિન જમા રજા ઉપર, ત્યારે તે સમય દરમ્યાન મેં ખાનગી પ્રેક્ટીસ કરી હતી. અથવા
- (બી) જોઈનીંગ ટાઈમ પર હતો ત્યારે તે સમય દરમ્યાન મેં ખાનગી પ્રેક્ટીસ કરી હતી. ત્યારે ખાનગી પ્રેક્ટીસ દ્વારા મને જે રકમ મળી હતી તે રૂ................................ (રૂપીયા..........................................) મેં સરકારમાં તા................... ના રોજ જમા કરાવેલ છે અને તે અંગેની પહોંચ મેળવી છે, જેની એક નકલ આ સાથે બીડેલ છે.

# માનદવેતન અને ફી
# નિયમ 42 થી 57

- માનદ્ વેતનેં એટલે કેન્દ્ર/રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશના એકત્રિત ભંડોળમાંથી કર્મચારીને પ્રસંગોપાત પ્રાસંગિક પ્રકારના વિશિષ્ટ કાર્ય માટે મહેનતાણાં તરીકે કરવામાં આવતી આવર્તક કે અનાવર્તક ચૂકવણી.
- ફી એટલે કેન્દ્રના / રાજ્યના / કેન્દ્ર શાસિત પ્રદેશના એકત્રિત ભંડોળ સિવાયના બીજા કોઈ સ્રોત દ્વારા કર્મચારીએ મેળવેલ આવર્તક કે અનાવર્તક ચૂકવણી, પછી ભલે કર્મચારીએ તે સરકાર તરફથી સીધે સીધી કે સરકારની મધ્યસ્થી દ્વારા મેળવેલ હોય
-

## માનદ્ વેતન અને ફી મંજૂર કરવાના સામાન્ય સિદ્ધાંતો

:

- (૧) કોઈ બાબતમાં અન્યથા સ્પષ્ટ રીતે ઠરાવ કરવામાં આવ્યો ન હોય તો કર્મચારીનો બધો સમય સરકારને હસ્તક ગણાય છે.
- (૨) સંબંધિત કર્મચારીની કાયદેસરની ફરજના ભાગ તરીકે ન્યાયી રીતે ગણાતા કોઈપણ કાર્ય સંબંધે હોઈ માનદ્ વેતન ચૂકવી શકાય નહિ.
- (૩) અપવાદરૂપ પ્રસંગો અને સંજોગોમાં કર્મચારીની જવાબદારી પૈકીની કચેરીના કલાકો બાદ કામ કરવાની એક જવાબદારી છે. સામાન્ય રીતે આ કારણસર તેને માનદ્ વેતન આપી શકાય નહિ.
- (૪) કચેરી કલાકો બાદ સતત કામ કરવાનું હોય તો માનદ્ વેતન માટેના દાવાને ન્યાયી ઠરાવી શકાય. અપવાદરૂપ કિસ્સામાં રવિવાર અથવા જાહેર રજાઓમાં બજાવવામાં આવેલી ખાસ ફરજ માટે માનદ્ વેતન આપવું જરૂરી છે તે બાબત સરકાર સ્વીકારી શકે છે.

(5) જે બોર્ડ અથવા કમિટિઓની નાણાંકીય જવાબદારી પૂર્ણતઃ કે અંશતઃ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના એકત્રિત નિધિમાંથી અદા કરવામાં આવતી હોય તેવા બોર્ડ કે કમિટિની બેઠકમાં હાજરી આપવા માટે કર્મચારીને કોઈ માનદ્ વેતન મળવાપાત્ર નથી.

(6) જે સેવાના બદલામાં માનદ્ વેતન આપવામાં આવે તે સેવાનું મૂલ્ય યોગ્ય રીતે લક્ષમાં રાખી માનદ્ વેતન કે ફી નક્કી કરવી જોઈએ.

(7) સરકારી ખાતુ કોઈ બિનસરકારી સંસ્થાનું કામ હાથ ધરે અને પછી પોતાના ખાતામાં કામ કરતા યોગ્ય હોય તેવા કર્મચારીઓને તે કામ સોંપે ત્યારે તે અંગેની ચૂકવણી બિનસરકારી સંસ્થા પ્રથમ તે ખાતાને કરશે અને તે સરકારની આવકનો હિસ્સો બનશે. ત્યારબાદ સંબંધિત કર્મચારીઓને કરવામાં આવતી ચૂકવણી સરકારના એકત્રિત નિધિમાંથી ચૂકવવામાં આવશે અને તે પ્રમાણે તેનું માનદ્ વેતન તરીકે વર્ગીકરણ કરવામાં આવશે.

- <u>અદાલત દ્વારા આપવામાં આવેલ માનદ્ વેતન અથવા ફી :</u>
- ટેક્નીકલ બાબતોમાં એક કમિશન તરીકે પૂરાવા આપવા કર્મચારીને કાયદાની કોઈ અદાલત બોલાવે ત્યારે અદાલતે નક્કી કરેલ ફી કે માનદ્ વેતન તે સ્વીકારી શકશે અને અદાલતે આપેલ માનદ્ વેતન કે ફી ની પૂરી રકમ તે કર્મચારી પોતાની પાસે રાખી શકશે.
- <u>માનદ્ વેતન સ્વીકારવા પરવાનગી :</u>
- જેને માટે ખાસ પુરસ્કાર વાજબી દરે એવું મહેનતાણું કે ખાસ ગુણવત્તાવાળું, પ્રાસંગિક કાર્ય કરવા બદલ સત્તા ધરાવતા અધિકારી મહેનતાણા તરીકે કર્મચારીને માનદ્ વેતન મંજૂર કરી શકશે અથવા તે સ્વીકારવાની પરવાનગી આપી શકશે.

## ખાતાકીય પરીક્ષાના કાર્ય માટે માનદ્ વેતન

- વિભાગ દ્વારા અથવા સંસ્થા દ્વારા લેવામાં આવતી ખાતાકીય પરીક્ષાઓમાં નિમવામાં આવેલા સ્ટાફને મહેનતાણાના દર સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૭-૧૧-૨૦૧૧ ના ઠરાવ દ્વારા સુધારવામાં આવ્યા છે.
- આવી પરીક્ષાઓ સંબંધે કામ કરનાર કર્મચારીએ માનદ્ વેતન સ્વીકારવા માટે સક્ષમ અધિકારીની મંજૂરી લેવાની કોઈ આવશ્યક્તા નથી. નિયમ-૪૯ (3)

- સરકારની વિવિધ તાલીમ સંસ્થાઓ દ્વારા યોજીત અને સંચાલિત જુદા જુદા તાલીમ અભ્યાસક્રમો/યોજનાઓમાં આમંત્રિત કરવામાં આવેલ સરકારી અને બિનસરકારી અંશકાલીન મહેમાન વ્યાખ્તાઓને આપવાના માનદ્ વેતનના દર નાણા વિભાગના તા.3-10-2013 ના ઠરાવથી નિયત થયેલ છે
- રાજ્યના એકત્રિત ફંડમાં જમા કરાવવાની ફી :
- કર્મચારીનો સમય અન્યથા તેની ફરજની બજવણીમાં ગાળવામાં આવે તેવા સમય માટે કર્મચારીને જ્યારે ફી ચૂકવવામાં આવે ત્યારે તે રકમ તેને સરકારના એકત્રિત ફંડમાં જમા કરાવી દેવી જોઈએ, પરંતુ ખાસ કારણોની લેખિત નોંધ મૂકીને સક્ષમ અધિકારી તે પૂરેપૂરી રકમ અગર તેનો હિસ્સો કર્મચારીને આપવા હુકમ કરી શકે છે.

નીચેની બાબતો પારીતોષિક મેળવવા કે ઇનામ મેળવવા માટે  પાત્ર ગણાશે. આ માટે પરવાનગી મેળવવી આવશ્યક નથી :-

- (૧) નિબંધ લેખન, ખેલકૂદ કે રમત-ગમત અને નાટકોની જાહેર સ્પર્ધામાં આપવામાં આવેલ પુરસ્કાર (ઈનામ);
- (૨) ગુન્હેગારની ધરપકડ માટે અથવા અને ન્યાયની કામગીરી સાથે સંબંધ ધરાવતી માહિતી કે ખાસ સેવા બજાવવા માટે આપવામાં આવેલ કોઈ પુરસ્કાર (ઈનામ);
- (3) કોઈપણ અધિનિયમની જોગવાઈ કે તે હેઠળ ઘડવામાં આવેલ કે નિયમો અનુસાર આપવાજોગ કોઈ પુરસ્કાર (ઈનામ);
- (૪) કસ્ટમ અને આબકારી કાયદાઓના વહીવટમાં સેવા આપવા બદલ મંજૂર કરવામાં આવેલ કોઈપણ પુરસ્કાર.

# મોંઘવારી ભથ્થાની મંજૂરી માટેની શરતો :

- (1) ભારતમાં અગર ભારત બહાર અસાધારણ રજા સિવાયની બીજી રજાઓના સમયગાળા માટે પણ આકારી શકાશે.
- (2) રજા દરમ્યાન મળવાપાત્ર મોંઘવારી ભથ્થાની રકમ નાણાંકીય મર્યાદા માટે તેમજ ભથ્થાની ગણત્રીની રકમના આધાર માટે એમ બે હેતુઓ માટે, ખરેખર આકારેલ રજા પગાર પર આધારિત રહેશે.

(3) કર્મચારીને મળવાપાત્ર થતી મોંઘવારીની માસિક રકમની ગણત્રી વખતે પચાસ પૈસાથી વધુ આવતી રૂપિયાની અપૂર્ણાંક રકમને નજીકના ઉપરના રૂપિયાની રકમમાં ગણવામાં આવશે અને તેથી ઓછી અપૂર્ણાંક રકમની ઉપેક્ષા કરવામાં આવશે.

# રહેણાકના સરકારી આવાસ

એચ.એમ.જોષી
નાયબ નિયામક (હિસાબ)
સામાન્ય વહિવટ વિભાગ
ગાંધીનગર

# રહેણાકના સરકારી આવાસ (નિયમ–૧૦)

- નીચેના સંજોગોમાં સરકાર સરકારી કર્મચારી માટે સરકારી આવાસ બાંધી શકે કે ખરીદી શકે.
- સરકારની સ્વીકૃત ફરજ હોય અથવા સ્થાપિત પ્રણાલિકા હોય
- ફરજ બજાવવાની હોય તે વિસ્તારમાં કે નજીકમાં સરકારી કર્મચારીનું રહેવુ જરૂરી હોય.
- સરકારી કર્મચારીની નિમણુંક નજીક રહેણાકનું મકાન ઉપલબ્ધ ન હોય

- **રહેણાકના આવાસો પટે કે ભાડે સંપાદિત કરવા** બાબત(નિયમ–૧૧)
- **રહેણાકના આવાસનો ભોગવટો–** પદ ધારણ કરે ત્યાં સુધી (નિયમ–૧૨)
- **એક કર્મચારીના રહેણાકના આવાસમાં બીજો કર્મચારી હિસ્સેદારીથી રહેતો હોય ત્યારે**–તે જ માત્ર કારણે તે કર્મચારી તેનો ભોગવટો કરે છે તેમ ગણાશે નહિં (નિયમ–૧૩)

- સરકારી કર્મચારી પ્રવાસ અંગે ગેરહાજર હોય ત્યારે પોતાના રહેણાકના આવાસ નો ભોગવટો કરેછે તેમ ગણાશે (નિયમ–૧૪)
- **રહેણાકના આવાસનો કચેરી તરીકે અંશત ભોગવટો**–કાર્યપાલક ઈજનેર તેવા રહેણાકના આવાસ માટેના હિસ્સાના ભાડાની રકમ અલગ રીતે ગણતરી કરશે. (નિયમ–૧૫)
- રહેણાકના આવાસોનું વર્ગીકરણ–

# રહેણાકના આવાસોનું વર્ગીકરણ–(નિયમ–૧૬)

| ક્રમ | રહેણાકની સવલતની કક્ષા | ક્ષેત્રફળ વપરાશ વિસ્તાર |
|---|---|---|
| ૧ | એ | ૨૯ ચોરસ મીટર સુધી |
| ૨ | બી | ૩૦ થી ૩૫ ચોરસ મીટર સુધી |
| ૩ | બી૧ | ૩૬ થી ૪૨ ચોરસ મીટર સુધી |
| ૪ | સી | ૪૩ થી ૫૫ ચોરસ મીટર સુધી |
| ૫ | ડી | ૫૬ થી ૬૪ ચોરસ મીટર સુધી |
| ૬ | ડી૧ | ૬૫ થી ૭૯ ચોરસ મીટર સુધી |
| ૭ | ઈ | ૮૦ થી ૧૨૦ ચોરસ મીટર સુધી |
| ૮ | ઈ૧ | ૧૨૧ થી ૧૫૦ ચોરસ મીટર સુધી |
| ૯ | ઈ૨ | ૧૫૧ અને તેથી ઉપર |

# મોજુદ મકાનોનું જુદી જુદી કક્ષામાં વર્ગીકરણ (નિયમ–૧૭)

| મુખ્ય મકાન | | |
|---|---|---|
| ક | ઓરડા, સોડુ,બાથરૂમ,સંડાસ,સ્ટોરરૂમ,બંધઓસરી | ક્ષેત્રફળના ૧૦૦ ટકા |
| ખ | ઓસરી પેસેજ | ક્ષેત્રફળના ૨૫ ટકા |
| ગ | પોર્ચ | ક્ષેત્રફળના ૧૨.૫ ટકા |
| ઘ | પાકો કોટ યાર્ડ | ક્ષેત્રફળના ૫ ટકા |
| આઉટ હાઉસીસ | | |
| ક | રૂમ | ક્ષેત્રફળના ૨૫ ટકા |
| ખ | વરંડા | ક્ષેત્રફળના ૧૨.૫ ટકા |

# EF0FGF lJlEgG NZM slGIDv!(f

| ક્રમ | રહેણાકના આવાસની કક્ષા | માસિક ભાડાના દર રૂપિયામાં | | | |
|---|---|---|---|---|---|
| | | અધિકૃત ભોગવટાનું ભાડુ | ધોરણસરનું ભાડુ | આર્થિક ભાડુ | બજાર ભાડુ |
| ૧ | એ | ૨૦ | ૧૫૦ | ૨૦૦ | ૮૦૦ |
| ૨ | બી | ૩૫ | ૧૫૦ | ૨૦૦ | ૮૦૦ |
| ૩ | બી૧ | ૫૦ | ૧૫૦ | ૨૦૦ | ૮૦૦ |
| ૪ | સી | ૭૫ | ૩૬૦ | ૪૮૦ | ૧૯૨૦ |
| ૫ | ડી | ૧૦૦ | ૩૬૦ | ૪૮૦ | ૧૯૨૦ |
| ૬ | ડી૧ | ૧૨૦ | ૩૬૦ | ૪૮૦ | ૧૯૨૦ |
| ૭ | ઈ | ૧૫૦ | ૬૦૦ | ૮૦૦ | ૫૦૦૦ |
| ૮ | ઈ૧ | ૨૦૦ | ૬૦૦ | ૮૦૦ | ૬૦૦૦ |
| ૯ | ઈ૨ | ૨૬૦ | ૬૦૦ | ૮૦૦ | ૭૦૦૦ |

# સરકારી રહેણાકના આવાસની કક્ષા

## ગાંધીનગર સિવાયના સ્થળો માટે–(નિયમ–૧૯)

| ક્રમ | કર્મચારીનો આકારેલ પગાર | રહેણાકની સવલતની કક્ષા |
|---|---|---|
| ૧ | માસિક રૂ. ૩૨૦૦ સુધી | એ |
| ૨ | માસિક રૂ. ૩૨૦૧ થી ૩૩૯૯ ની વચ્ચે | બી |
| ૩ | માસિક રૂ. ૪૦૦૦ થી ૪૯૯૯ ની વચ્ચે | બી૧ |
| ૪ | માસિક રૂ. ૫૦૦૦ થી ૬૪૯૯ ની વચ્ચે | સી |
| ૫ | માસિક રૂ. ૬૫૦૦ થી ૮૯૯૯ ની વચ્ચે | ડી |
| ૬ | માસિક રૂ. ૯૦૦૦ થી ૧૧૯૯૯ ની વચ્ચે | ડી૧ |
| ૭ | માસિક રૂ.૧૨૦૦૦ થી ૧૩૯૯૯ ની વચ્ચે | ઈ |
| ૮ | માસિક રૂ.૧૪૦૦૦ થી ૧૭૯૯૯ ની વચ્ચે | ઈ૧ |
| ૯ | માસિક રૂ. ૧૮૦૦૦થી વધુ | ઈ૨ |

# સરકારી રહેણાકના આવાસની કક્ષા
## ગાંધીનગર માટે–(નિયમ–૧૯)

| ક્રમ | કર્મચારીનો આકારેલ પગાર | રહેણાકની સવલતની કક્ષા |
|---|---|---|
| ૧ | માસિક રૂ. ૨૭૫૦ સુધી | એ/જે–૧/કેટેગરી–૧ |
| ૨ | માસિક રૂ. ૨૭૫૧થી ૩૨૦૦ ની વચ્ચે | બી/જે/કેટેગરી–૨ |
| ૩ | માસિક રૂ. ૩૨૦૧ થી ૩૫૦૦ ની વચ્ચે | બી૧ |
| ૪ | માસિક રૂ. ૩૫૦૧ થી ૪૯૯૯ ની વચ્ચે | બી૧/છ |
| ૫ | માસિક રૂ. ૫૦૦૦ થી ૫૫૦૦ ની વચ્ચે | સી/ચ–૧ |
| ૬ | માસિક રૂ. ૫૫૦૧ થી ૬૫૦૦ ની વચ્ચે | ચ/કેટેગરી–૩ |
| ૭ | માસિક રૂ.૬૫૦૧ થી ૮૯૯૯ ની વચ્ચે | ડી/ઘ૧ |
| ૮ | માસિક રૂ.૯૦૦૦ થી ૧૧૯૯૯ ની વચ્ચે | ડી૧/ઘ/કેટેગરી–૪ |
| ૯ | માસિક રૂ.૧૨૦૦૦ થી ૧૩૯૯૯ ની વચ્ચે | ઈ/ઘ૧/કેટેગરી–૫ |
| ૧૦ | માસિક રૂ.૧૪૦૦૦ થી ૧૭૯૯૯ ની વચ્ચે | ઈ૧/ઘ |
| ૧૧ | માસિક રૂ.૧૮૦૦૦ થી ૧૯૯૯૯ ની વચ્ચે | ઈ૨/ખ |
| ૧૨ | માસિક રૂ.૧૮૦૦૦ થી ૧૯૯૯૯ ની વચ્ચે | સચિવશ્રીઓના બંગલા |

- સરકારી કર્મચારીને રહેણાકનું આવાસ ફાળવવામાં આવે ત્યારે તેણે તે આવાસની કક્ષા માટે નિયત અધિકૃત ભોગવટા ભાડુ ચૂકવવુ પડશે (નિયમ–૨૦)
- સરકારી કર્મચારીને ઉંચી કક્ષાનું આવાસ ફાળવવામાં આવે ત્યારે ઉચ્ચકક્ષાના આવાસનું ધોરણસરનું ભાડુ લેવામાં આવશે(નિયમ–૨૧)

# ઉચ્ચદરે ભાડુ વસુલ કરવાની સત્તા (નિયમ–૨૨)

- નીચેના સંજોગોમાં સરકાર કર્મચારી પાસેથી અધિકૃત ભાડાના દર કરતાં ઉચા દરે ભાડુ વસુલ કરી શકશે.

– ઉંચી કક્ષાનું આવાસ આપવામાં આવેલ હોય

– આવાસ પેટા ભાડે આપેલ હોય

– આવાસની ફાળવણી રદ કર્યા પછી પણ આવાસ ખાલી કરતા નહોય

# ભાડા મુકત આવાસ અને ભાડામાં ઘટાડો (નિયમ–૨૩)

- સરકાર ખાસ હુકમ ધ્વારા કોઈપણ કર્મચારીને ભાડા મુકત આવાસ મંજૂર કરી શકશે
- સરકાર ખાસ હુકમ ધ્વારા વસુલ કરવાની ભાડાની રકમ જતી કરી શકશે
- નિયમ–૨૪ ભાડા મુકત આવાસોના અવેજમાં આપવામાં આવતા ઘરભાડા ભથ્થાના દર– નિયત દરે મળવાપાત્ર ઘરભાડા ભથ્થુ અને રહેણાકના આવાસ માટે લેવામાં આવતુ ભાડુ

- ભાડા માફી– વિસ્તૃત સમારકામ ચાલુ હોવાના કારણે (નિયમ–૨૫)